ક્રમાંક:પરચ/૧૧૨૦૧૬/૭૫૯/મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૨/૦૪/૨૦૧૬

પ્રતિ,

- વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / નિગમ / કૃષિ યુનિવર્સિટીઓ / કામધેનૂ યુનિવર્સિટી
- સેક્શન અધિકારીશ્રી, સર્વે શાખાઓ, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

➢ જાણ સારુ.

સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

Acy
Circulate to all Deans, Principal, Poly

16 APR 2016

Aca
16/4/16

2922
21 APR 2016

એકેડેમીક શાખા
કુલસચિવશ્રી ની કચેરી
આવક નંબર 177
તારીખ 21/4/16

(૩)

અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને ખ્યાતનામ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરવા માટે આર્થિક સહાય મંજુર કરવા બાબત.

કૃષિ અને સહકાર વિભાગ
ક્રમાંક ...૩
31 MAR 2016
શાખા ...૨૦૨૭૭૬

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ,
**ઠરાવ ક્રમાંક : એસ.સી.ડબ્લ્યુ /૧૦૧૫/૭૭૬૧૫૫/ગ,**
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૮-૦૩-૨૦૧૬.

**વંચાણે લીધો :** (૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો
તા.૬/૪/૨૦૦૨નોઠરાવક્રમાંક:પીએમસી/૧૦૯૯/ન.બા..૪ ગ
(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો
તા.૧૨/૪/૨૦૦૪નો ઠરાવ ક:પીએમસી/૧૦૯૯/ન.બા..૪/ગ
(૩) નિયામકશ્રી,અજાકના તા.૨૬/૧૦/૨૦૧૫ના પત્ર
ક્રમાંક:અજાક/ગ.૧/૫/૧૫- ૧૬/૭૬૧૬ ૧૬/૭૬૧૬

ઠરાવ:-

વંચાણે લીધેલા ક્રમ(૧) પરના આ વિભાગના તા.૬/૪/૨૦૦૨ના ઠરાવ દ્વારા અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને ઠરાવ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ ખ્યાતનામ ખાનગી શાળાઓમાં ધોરણ-૮ અને ધોરણ ૧૧ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન એકવાર આર્થિક સહાય મંજુર કરવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના હેઠળ સમાવેશ થયેલ શાળાઓ પૈકી સૈનિક શાળા,બાલાચડી ,જિ.જામનગરમાં ધોરણ-૬ થી પ્રવેશ આપવામાં આવે છે. આથી સદરહુ યોજના હેઠળ સૈનિક સ્કુલ, બાલાચડી, જામનગરના સંદર્ભમાં ધોરણ-૬ માં પ્રવેશ મેળવનાર અનુસૂચિત જાતિના

વિધાર્થીને યોજનાની અન્ય શરતોને આધીન સહાય મંજુર કરવાનું વંચાણે લીધેલ ક્રમ-૨ ઉપરના ઠરાવથી સરકારશ્રી દ્વારા નિયત થયેલ છે. તદનુસાર મહિલા સૈનિક સ્કુલ,ખેરવા,મહેસાણાના સદર્ભમાં ધોરણ-૬માં પ્રવેશ મેળવનાર અનુસૂચિત જાતિના વિધાર્થીઓને યોજનાની અન્ય શરતોને આધિન સહાય મંજુર કરવાનું નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની વંચાણે લીધેલા ક્રમ- 3 ઉપરની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાના અંતે મહિલા સૈનિક સ્કુલ,ખેરવા,મહેસાણાના સદર્ભમાં ધોરણ-૬માં પ્રવેશ મેળવનાર અનુસૂચિત જાતિના વિધાર્થીઓને યોજનાની અન્ય શરતોને આધિન સહાય મંજુર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

3. આવિભાગના તા.૬/૪/૨૦૦૨ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૯-૨-૨૦૧૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિક્ષિત જોષી)

સેક્શન અધિકારી ,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,

* માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
* માન. મંત્રીશ્રી, (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
* નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ , ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
* એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ

* નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
* સર્વ નાયબ નિયામકશ્રીની કચેરીઓ (નિયામકશ્રી અજાક દ્વારા)
* સર્વ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત) (નિયામકશ્રી અજાક દ્વારા)
* નાણાંકીય સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
* સચિવાલયના સર્વ વિભાગો (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સિવાય)
* વિભાગની સર્વ શાખાઓ (ગ-શાખા સિવાય)
* સિલેક્ટ ફાઇલ